# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 15-01-2026** **EVENING: 7.50 TO 8.00**
**Day : THURSDAY** **National News**

## આકાશવાણી સમાચાર સોનલ પરમાર વાંચે છે.

****************************************************

1. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ શિક્ષણ ને સમાજ અને રાષ્ટ્રની સેવા કરવાનું માધ્યમ ગણાવ્યું.
2. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું સરકાર દરેક વ્યક્તિ માટે જન કલ્યાણની ભાવના સાથે કામ કરી રહી છે.
3. છત્તીસગઢમાં, 52 માઓવાદીએ સુરક્ષાદળો સમક્ષ આત્મસમર્પણ કર્યું.
4. ઈરાનની વર્તમાન સ્થિતિ અંગે ચર્ચા કરવા આજે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદની બેઠક
5. ભારતના લક્ષ્ય સેન નવી દિલ્હીમાં યોજાયેલી ઈન્ડિયા ઓપન બેડમિન્ટન ટુર્નામેન્ટની ક્વાર્ટર ફાઇનલમાં પહોંચ્યા.

.............................................................

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)
(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# EVE. PUNJAB PRESIDENT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ વિદ્યાર્થીઓને સલાહ આપી છે કે શિક્ષણ ફક્ત આજીવિકાનું સાધન નથી , તે સમાજ અને રાષ્ટ્રની સેવા કરવાનું પણ એક માધ્યમ છે. તેમણે કહ્યું કે વિદ્યાર્થીઓ શિક્ષણમાં તેમના યોગદાન માટે સમાજના ઋણી છે. આ ઋણ ચૂકવવાનો એક રસ્તો એ છે કે વિકાસના માર્ગમાં પાછળ રહી ગયેલા લોકોને ઉત્થાન આપવા માટે કામ કરવું. આજે તેઓ અમૃતસરમાં ગુરુ નાનક દેવ યુનિવર્સિટીના 50મા દીક્ષાંત સમારોહને સંબોધન કર્યું હતું.

(BYTE - PRESIDENT)

રાષ્ટ્રપતિએ કહ્યું કે ઔપચારિક શિક્ષણ પૂર્ણ કર્યા પછી , વિદ્યાર્થીઓ વિવિધ ક્ષેત્રોમાં જોડાશે અથવા પોતાનો વ્યવસાય શરૂ કરશે. તેમણે ચોક્કસ ગુણો પર ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર છે જે દરેક ક્ષેત્રમાં પ્રગતિ માટે સમાન રીતે જરૂરી અને મદદરૂપ છે. વિદ્યાર્થીઓમાં સૌથી મુશ્કેલ પરિસ્થિતિઓમાં પણ સતત શીખવાની ઇચ્છા અને દ્રઢતા , નૈતિક મૂલ્યોનું પાલન, અને પ્રામાણિકતા જેવા ગુણો હોવા જોઈએ . તેમણે પરિવર્તનને સ્વીકારવું અને માત્ર વ્યક્તિગત લાભ માટે જ નહીં , પરંતુ સમાજ અને રાષ્ટ્રના વધુ સારા માટે પણ શીખવું જરૂરી છે.

રાષ્ટ્રપતિએ દીક્ષાંત સમારોહ દરમિયાન કેટલાક ટોચના સ્નાતકોનું સન્માન કર્યું.

----------

# DAY PM-CSPOC

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે સરકાર કોઈપણ ભેદભાવ વિના દરેક વ્યક્તિ માટે જન કલ્યાણની ભાવના સાથે કામ કરી રહી છે.

નવી દિલ્હીમાં સંવિધાન સદનમાં        રાષ્ટ્રમંડળ દેશોની સંસદોના સ્પીકર્સ અને પ્રિસાઇડિંગ ઓફિસર્સના પરિષદને સંબોધતા શ્રી મોદીએ કહ્યું કે દેશે વિવિધતાને લોકશાહીની તાકાતમાં પરિવર્તિત કરી છે. શ્રી મોદીએ કહ્યું કે છેલ્લા કેટલાક વર્ષોમાં લગભગ 25 કરોડ લોકો ગરીબીમાંથી બહાર આવ્યા છે. તેમણે કહ્યું કે ભારતે સાબિત કર્યું છે કે લોકશાહી સંસ્થાઓ અને પ્રક્રિયાઓ લોકશાહીને સ્થિરતા, ગતિ અને વ્યાપકતા પ્રદાન કરે છે.

(BYTE- PM MODI, LOKSHAHI)

----------

# PM - ARMY DAY

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને ઉપરાષ્ટ્રપતિ .પી. રાધાકૃષ્ણન        અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ  દેશના બહાદુર સૈનિકો , નિવૃત્ત સૈનિકો અને તેમના પરિવારોને આજે સેના દિવસ નિમિતે શુભેચ્છાઓ પાઠવી છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સેના દિવસ નિમિત્તે ભારતીય સેનાની હિંમત અને અતૂટ પ્રતિબદ્ધતાની પ્રશંસા કરી. પોતાના સંદેશમાં શ્રી મોદીએ કહ્યું કે સૈનિકો નિઃસ્વાર્થ સેવાનું પ્રતિક છે , જે પડકારજનક પરિસ્થિતિઓમાં પણ દૃઢ નિશ્ચય સાથે રાષ્ટ્રનું રક્ષણ કરે છે. તેમણે કહ્યું કે ફરજ પ્રત્યેની તેમની નિષ્ઠા સમગ્ર દેશમાં વિશ્વાસ અને કૃતજ્ઞતાની ભાવનાને પ્રેરણા આપે છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે સૈનિકોએ સૌથી મુશ્કેલ પરિસ્થિતિઓમાં પણ પોતાની કુશળતા સાબિત કરી છે.

(Byte - Narendra Modi pm army day )

----------

## CHHATTISGARH-MAOISTS

છત્તીસગઢમાં, આજે બીજાપુર જિલ્લામાં 52 માઓવાદીઓએ સુરક્ષા દળો સમક્ષ આત્મસમર્પણ કર્યું. આ માઓવાદીઓ પર કુલ 1 કરોડ 45 લાખ રૂપિયાનું ઇનામ જાહેર કરવામાં આવ્યું હતું. આત્મસમર્પણ કરનારાઓમાં 21 મહિલા માઓવાદીઓનો સમાવેશ થાય છે.

આત્મસમર્પણ કરનારા દક્ષિણ સબ-ઝોનલ બ્યુરો અને માઓવાદીઓની ભૈરમગઢ એરિયા કમિટી સાથે સંકળાયેલા હતા. છત્તીસગઢ સરકારની પુનર્વસન નીતિ હેઠળ , દરેક આત્મસમર્પણ કરનારા માઓવાદીઓને 50 હજાર રૂપિયાની નાણાકીય સહાય પૂરી પાડવામાં આવી છે.

----------

## AMIT SHAH AMDAVAD

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું , આદિ શંકરાચાર્યનું જ્ઞાન હવે ગુજરાતી યુવાનો ને આંગળીના ટેરવે મળતું થયું છે. ગુજરાતના અમદાવાદમાં સસ્તું સાહિત્ય મુદ્રણાલય ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત અને ડૉક્ટર ગૌતમ પટેલ દ્વારા સંપાદિત આદિ શંકર સમગ્ર 15 ગ્રંથોની શ્રેણીનું

વિમોચન કરતા તેમણે આ વાત કહી. શ્રી શાહે આ ગ્રંથાવલિને ગુજરાતી સાહિત્ય માટે મહત્વની બાબત ગણાવી. તેમણે કહ્યું સંસ્કૃતમાં રહેલો આદિ શંકરનો જ્ઞાનસાગર હવે માતૃભાષા ગુજરાતીમાં ઉપલબ્ધ થયો છે.

શ્રી શાહે યુવાનોને "વિવેક ચૂડામણિ" અને "ભજ ગોવિંદમ્" જેવા ગ્રંથ વાંચવા પણ આગ્રહ કર્યો હતો. આગામી 50 વર્ષમાં આ ગ્રંથાવલિના પ્રકાશનને સુવર્ણ અક્ષરે યાદ કરાશે તેવો વિશ્વાસ પણ તેમણે વ્યક્ત કર્યો.

**(BYTE: AMIT SHAH – HOME MINISTER)**

----------

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો . આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો . વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

---------------------------------------------------------------------------

EVE-UNSC-IRAN-MEETING

ઈરાનની વર્તમાન પરિસ્થિતિ પર ચર્ચા કરવા આજે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદની બેઠક યોજાશે. ઈરાને પોતાનું હવાઈ ક્ષેત્ર પાંચ કલાક બંધ કર્યાના એક દિવસ પછી આ બેઠક થઈ રહી છે. આજે સવારે હવાઈ ક્ષેત્ર ફરી ખુલ્યા બાદ સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય ઉડાન ફરી શરૂ થઈ હતી. રાષ્ટ્રવ્યાપી વિરોધ પ્રદર્શનો અને અધિકારીઓ દ્વારા હિંસક કાર્યવાહી બાદ ઈરાનમાં તણાવ હજુ પણ યથાવત છે.

ઉલ્લેખનીય છે કે વિરોધીઓ સામેની કાર્યવાહીમાં હજારો લોકો માર્યા ગયા હોવાના અહેવાલો વચ્ચે અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે હસ્તક્ષેપની ચેતવણી આપી હતી. દરમ્યાન ચીનના વિદેશ મંત્રી વાંગ યીએ ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાકચી સાથે ફોન પર વાતચીત અને સંયમ રાખવાની અપીલ કરી હતી.

----------

## NADDA-AYUSH GROWTH

કેન્દ્રીય આરોગ્ય મંત્રી જગત પ્રકાશ નડ્ડાએ જણાવ્યું કે , ભારતની આયુષ અને હર્બલ ક્ષેત્રની નિકાસ છ ટકાથી વધુ વધી છે .આ ક્ષેત્રમાં વર્ષ 2023-24માં 649 મિલિયન ડોલરથી વધીને 2024-25માં 688 મિલિયન ડોલરથી વધુની નિકાસ થઈ છે. સોશિયલ મીડિયા સંદેશમાં , શ્રી નડ્ડાએ જણાવ્યું કે ,આયુષ નિકાસ પ્રોત્સાહન પરિષદની સ્થાપનાથી આ ક્ષેત્રને

નવી ગતિ મળી છે .તેમણે કહ્યું, ભારતના પરંપરાગત દવા અને હર્બલ ઉત્પાદનોની આંતરરાષ્ટ્રીય માંગમાં વધારો થયો છે.

----------

## EVE INDIA OPEN BADMINTON

ભારતના લક્ષ્ય સેને આજે નવી દિલ્હીમાં ઈન્ડિયા ઓપન બેડમિન્ટન ટુર્નામેન્ટના પુરુષ સિંગલ્સની ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો.

લક્ષ્યે સેને રાઉન્ડ ઓફ ૧૬ મેચમાં નિશિમોટોને સીધી ગેમમાં 21-19, 21-10થી હરવ્યા. અગાઉ, એચ. એસ. પ્રણોય અને કિદામ્બી શ્રીકાંત બંને રાઉન્ડ ઓફ 16 મેચમાં હારી ગયા અને ટુર્નામેન્ટમાંથી બહાર થઈ ગયા. પ્રણોય સિંગાપોરના લોહ કીન યુ સામે 21-18 , 19-21, 14-21થી હારી ગયા જ્યારે શ્રીકાંતનો ફ્રેન્ચ ખેલાડી ક્રિસ્ટો પોપોવ સામે 14-21 , 21-17, 17-21થી પરાજય થયો. મહિલા સિંગલ્સમાં માલવિકા બંસોડનો ચીની શટલર હાન યુ સામે હારી જતાં સમાપ્ત થયો.

----------

## J&K-SECURITY

કેન્દ્રીય ગૃહ સચિવ ગોવિંદ મોહન આજે જમ્મુમાં ઉપ રાજ્યપાલ મનોજ સિંહાને મળ્યા હતા અને જમ્મુ અને કાશ્મીરમાં સુરક્ષા પરિસ્થિતિ ,

આતંકવાદ વિરોધી કામગીરી અને સુરક્ષા વ્યવસ્થાની **કામગીરી** તૈયારીઓ અંગે ચર્ચા કરી હતી.

અમારા જમ્મુ સંવાદદાતાના અહેવાલ મુજબ , જમ્મુના બે દિવસના પ્રવાસે આવેલા શ્રી ગોવિંદ મોહને આજે પર્વતીય વિસ્તારોમાં વધુ સારી **કામગીરી** સુરક્ષા, એકંદર સુરક્ષા પરિસ્થિતિ અને સરહદો પર ચાલી રહેલા આતંકવાદ વિરોધી કામગીરી અને ડ્રોન ઘૂસણખોરીનું મૂલ્યાંકન કરવા માટે બીજી ઉચ્ચ સ્તરીય બેઠકની અધ્યક્ષતા પણ કરી હતી.

શ્રી મોહને જમ્મુના કન્વેન્શન સેન્ટર ખાતે સતત બીજા દિવસે પણ તેમની બેઠકો ચાલુ રાખી હતી. વિવિધ દળો , પોલીસ અને ગુપ્તચર એજન્સીઓના ટોચના સુરક્ષા અધિકારીઓએ બેઠકોમાં ભાગ લીધો હતો. બેઠકમાં સરહદ સુરક્ષા વ્યવસ્થાપન, જમ્મુની ટેકરીઓમાં વધુ સારી સુરક્ષા અને આંતર-એજન્સી સંકલનની સમીક્ષા કરવામાં આવી હતી. સરહદો પર ચાલી રહેલા આતંકવાદ વિરોધી કામગીરી અને ડ્રોન ઘૂસણખોરીનું પણ મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું.

----------

## PIB FACT CHECK - SBI

સરકારે ઉપયોગકર્તાઓએ તેમના આધારને અદ્યતન કરવા માટે APK ફાઇલ ડાઉનલોડ અને ઇન્સ્ટોલ કરવા અંગેના ભારતીય સ્ટેટ બેન્ક - SBIના નામે સોશિયલ મીડિયા પર ચાલી રહેલા એક વિડીયો સંદેશને ફગાવી દીધો છે. વિડિઓમાં કહેવામાં આવ્યું છે કે જો આધાર અદ્યતન નહીં

થાય, તો SBI YONO એપ બ્લોક કરવામાં આવશે. પ્રેસ ઇન્ફર્મેશન બ્યુરો-PIBના ફેક્ટ ચેક એકમે લોકોને કોઈપણ APK ડાઉનલોડ ન કરવાની અથવા વ્યક્તિગત, બેંકિંગ અથવા આધાર વિગતો શેર ન કરવાની સલાહ આપી છે.

----------